**GJVD020726412024**

**ફરીયાદી :–** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપીઓ :–** (૧) **પ્રેમાનંદ ત્રિભુવનદાસ પરમાર**
(૨) **અંકુર મનોજભાઇ ઘટેચા**
(૩) **કેતનકુમાર અમુલખરાય સોની**
(૪) **રમેશભાઇ લક્ષ્મણભાઇ વાળંદ**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત છે કે આરોપીએ જુગાર ધારા કલમ ૧૨ મુજબનો ગુનો કરેલ છે. તે અંગે પોલીસે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજૂ થતા આરોપીઓને સમન્સ કાઢવામાં આવેલ સમન્સ બજતા આરોપીઓ હાજર થયેલ. આરોપીઓએ કાયદા મુજબ ચાર્જશીટ ની નકલ આપી તેમની સામેનું તહોમત વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ છે. ગુનો સ્વેચ્છાપર્વક કબુલ કરેલ છે.

(૩) આરોપીઓ તેની ગુના કબુલાત પુરશીશ આજરોજ અત્રેની અદાલતમાં આપી તેમને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને વધુમાં જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે તેઓ ગરીબ વર્ગ ના કુટુંબ કબીલા વાળા માણસ છે. જેથી દયાની માંગણી કરેલ છે. આમ, આરોપીઓની સ્વૈચ્છિક કબુલાત નહીં માનવાને કોઈ કારણ રહેતું નથી. આરોપીઓએ આ કાયદા હેઠળની સજાની સમજ આપવામાં આવેલ છે. આરોપીઓ તરફે મુદામાલ મોબાઈલ તથા નાણા અંગે કોઈ કલેઈમ નહી કરતા હોવાનુ જાહેર કરેલ છે.

(૪) આરોપી સંબંધે ખાસ અને પૂરતા કારણો જણાયેથી તેને કાયદાથી ઠરાવેલ લઘુતમ સજા અને દંડ કવા ઓછી સજા અને દંડ કોર્ટ કરી શકે છે તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ થી રજૂ થયેલ ચૂકાદામાં ઠરાવેલ છે. તે અન્વયે આરોપીઓને જાહેર કરેલ

તેના સંજોગોને ધ્યાને લેતાં આ કામે લઘુતમ સજા અને દંડ કરવા ખાસ અને પૂરતા કારણો હોવાનું અને તેમ કર્યેથી ન્યાયનો હેતુ સરશે. તે મુજબનો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## આખરી હુકમ

– આરોપીઓને ક્રી.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે જુગાર ધારા કલમ ૧૨ મુજબના ગુનામાં દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા 100 x 04 = 400/– દંડ અને જો દંડ ન ભરે તો દીન– ૦૨ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

– મુદ્દામાલ રોકડ રકમ સરકારમા જમા કરવો તથા અન્ય બિન કિંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

– તેમજ વેલ્યુએબલ મુદામાલ અપીલ સમય બાદ મુળ માલીકની ખરાઈ કરી પરત કરવો.

આ હુકમ આજરોજ તારીખ **૧૪** મી, માહે ડિસેમ્બર સને **૨૦૨૪** ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

| | |
|---|---|
| વડોદરા.<br>તા.૧૪/૧૨/૨૦૨૪<br><br>(લોપામુદ્રા શર્મા)/સ્ટેનોગ્રાફર. | **(લલિતા આઈ. ભાટી)**<br>**૭માં જ્યુડી.મેજી.ફ.ક.,વડોદરા**<br>**કોડ નં. જીજે ૦૧૬૫૬** |